ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૨૩/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ઉદ્યોગ ઉપર કોરોનાના બીજા વેવની અસર' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૨ એપ્રિલ ૨૦૨૧ના રોજ 'ઉદ્યોગ ઉપર કોરોનાના બીજા વેવની અસર' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ટીચેર ઇનોવેશન એલએલપીના હરેશ કલકત્તાવાલાએ કોરોનાના બીજા વેવમાં પણ ઉદ્યોગોના ગ્રોથ માટે જરૂરી ઇ–કોમર્સ પ્લેટફોર્મ તથા મુંબઇના આઇઆઇટીએનએસના રામાશિષ ભૂતડાએ કલેકટીવ એકશન વિશે ઉદ્યોગકારોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

હરેશ કલકત્તાવાલાએ જણાવ્યું હતું કે, ભારતનું ફોરકાસ્ટ જોઇએ તો ઉદ્યોગને વધારે અસર થશે નહી. કોવિડ–૧૯ની ગાઇડલાઇનનું પાલન ઉદ્યોગો દ્વારા કરી શકાય તેમ છે. ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીમાં વર્કરો વચ્ચે એક – બે મીટરનું સોશિયલ ડિસ્ટન્સીગ રાખવું હોય તો તે શકય છે. આથી ટેકનીકલી મોટી મુશ્કેલી ઉભી નહી થાય. પરંતુ ડાયમંડ ઇન્ડસ્ટ્રીમાં એક જ ઘંટી ઉપર ચારથી પાંચ વર્કરો બેસીને કામ કરતા હોવાથી કોવિડ– ૧૯ની ગાઇડલાઇનનું પાલન કરવા માટે ચેલેન્જ ઉભી થઇ શકે છે. જો કે, તેના માટે પણ વિચારીને રસ્તો કાઢી શકાય છે અને સોશિયલ ડિસ્ટન્સીગ જળવાઇ રહે તે માટેની વ્યવસ્થા ઉભી કરી શકાય છે. બીજી બાજુ ઉદ્યોગો દ્વારા વર્ક ફ્રોમ હોમના કોન્સેપ્ટનો ઉપયોગ કરી શકાય છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઇ–કોમર્સને કારણે યુનાઇટેડ કીંગડમ અને ચાઇનામાં ઉદ્યોગોનો ગ્રોથ વધારે થયો છે. ભારતમાં પણ ઇ–કોમર્સનો ઉપયોગ કરી શકાય છે પણ વ્યવસ્થિત રીતે તેનો ઉપયોગ કરવામાં આવતો

નથી. ભારતમાં ફિઝીકલ મારફત બિઝનેસની ટકાવારી વધારે છે. જેના કારણે પણ ઉદ્યોગોનો વૈશ્વિક કક્ષાએ ગ્રોથ અટકી જાય છે. તેમ છતાં ભારતમાં એગ્રીકલ્ચર અને પ્રોપર્ટી મેઇન્ટેનન્સ સિવાયના અન્ય ક્ષેત્રમાં રોજગારી વધી રહી છે, જે સારી બાબત છે. લોજિસ્ટીક, બિઝનેસ પ્રોફેશન્સ અને સર્વિસ સેકટરનો ગ્રોથ પોઝીટીવ છે. ઉદ્યોગ સાહસિકો નવા બિઝનેસ કરવાનું વિચારી રહયા છે.

રામાશિષ ભૂતડાએ તેમના વકતવ્યમાં કલેકટીવ એકશન ઉપર ભાર મૂકયો હતો. તેમણે જણાવ્યું હતું કે, કલેકટીવ એકશન મુશ્કેલ છે અને એના માટે સારા લિડરશિપની જરૂર છે. ભારતમાં કલેકટીવ એકશન કન્ઝયુમર લેવલ પર થાય છે પણ બિઝનેસ લેવલ પર પણ થવા જોઇએ. એના માટે એમએસએમઇ અને એસએમઇઝએ સાથે મળીને કઇ કરવું પડશે. કો–ઓપરેશન સેટ કરીને ઇકો સિસ્ટમને તેનો લાભ થાય તેવા પ્રયાસ કરવા પડશે. સરકારની કલસ્ટર ડેવલપમેન્ટ સ્કીમ અંતર્ગત ૪૦થી ૫૦ કંપનીઓએ ભેગી થઇને કોમન ફેસિલિટી સેન્ટર બનાવવું જોઇએ. જેના થકી વેલ્યુ એડીશન, નવી મશીનરી, ગુડ કવોલિટી પ્રોડકશન અને માર્કેટ એકસેસ વધી શકે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, બિઝનેસમાં કલેકટીવ એકશન ખૂબ જ જરૂરી છે. જો કે, તેમાં બધા ઉદ્યોગકારો સાથે કેવી રીતે આવે?, સ્ટ્રકચર કેવી રીતે ઉભું કરે?, ડીલ કેવી રીતે કરે? અને કોન્ટ્રીબ્યુશન કેવી રીતે આપે? વિગેરે મુદ્દાઓ એકવાર યોગ્ય રીતે સેટઅપ થઇ જાય તો કલેકટીવ પાવરને એકલ – દોકલ બીટ નહીં કરી શકશે. આ ખૂબ જ મહત્વનો આસ્પેકટ છે અને એનામાં કો–ઓર્ડિનેશન સૌથી મુશ્કેલ હોય છે. પરંતુ ઇન્ડસ્ટ્રી એસોસીએશનો તેમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આથી તેઓએ પણ કોલાબ્રેશન માટે વિચારવું જોઇએ તેમ જણાવ્યું હતું.

રામાશિષ ભૂતડકાએ વધુમાં કહયું હતું કે, ગારમેન્ટ પ્રોડકશન માટે કોમન ફેસિલિટી સેન્ટર માટે ખૂબ જ મોટી તક છે. વુમન ગારમેન્ટ સેકટર ઉપર પણ ફોકસ કરવો જોઇએ. તેમણે કહયું કે, ઉદ્યોગ સાહસિકો પણ હવે કો–ઇન્વેસ્ટમેન્ટ ટ્રેન્ડ તરફ આગળ વધી રહયા છે. રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટમાં પણ ઘણા લોકો સાથે મળીને રોકાણ કરી રહયાં છે. હાલ ઇન્વેસ્ટમેન્ટ માટે કોલાબ્રેશન સેટઅપ કરવું મોટો આસ્પેકટ છે. કેપેબિલિટી સાથે આવે અને વેલ્યુ એડીશન કઇ રીતે થાય તે દિશામાં પ્રયાસ કરવાની જરૂરિયાત છે.

તેમણે વધુમાં કહયું કે મોટી કંપનીઓ કન્સલ્ટીંગ, ફાયનાન્સિંગ, મેન્યુફેકચરીંગ ટેકનોલોજી, એન્જીનિયરીંગ અને સપ્લાય ચેઇન વિગેરે સર્વિસ પ્રોવાઇડર પાસે વધારે કામ કરાવતી હોય છે. સુરતમાં ટેકસટાઇલ ટ્રેડર્સ પણ એક પ્લેટફોર્મ આવીને માર્કેટ એકસેસ ગ્રો કરી શકે છે. તેઓ પણ જો સર્વિસ પ્રોવાઇડરનો ઉપયોગ કરે તો વર્લ્ડ કલાસ સેન્ટર બની શકે છે. તેમણે કોસ્ટ ઓફ ફાયનાન્સ અને ડાઇવર્સિફિકેશન મેથડ વિશે પણ ચર્ચા કરી હતી.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યુ હતું. જ્યારે ચેમ્બરના ગૃપ ચેરમેન દીપકકુમાર શેઠવાલાએ વેબિનારનું સંચાલન કર્યું હતું અને અંતે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન પણ તેમણે કર્યુ હતું.